તા. : ૨૩/૪/૨૦૧૫
વાર : ગુરૂવાર

દ્વિતીય લેખિત કસોટી - ૨૦૧૫
વિષય : સામાજિક વિજ્ઞાન
ધોરણ : ૮

સમય : ૮-૦૦ થી ૧૧-૦૦
કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ...........................................................................
શાળાનું નામ : ...........................................................................
બેઠક નં. :

સૂચના : પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન : ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.** **10**

(૧) પાટણ જિલ્લાના કયા તાલુકાનું નામ નદી ઉપરથી પડ્યું છે ?

(અ) શંખેશ્વર (બ) રાધનપુર (ક) પાટણ (ડ) સરસ્વતી

(૨) બ્રહ્મોસમાજના સ્થાપક કોણ હતા ?

(અ) રાજા રામમોહનરાય (બ) સ્વામી વિવેકાનંદ (ક) કર્ઝન (ડ) દયાનંદ

(૩) સ્વામી વિવેકાનંદનું મૂળ નામ શું હતું ?

(અ) સુરેન્દ્રનાથ (બ) રવિન્દ્રનાથ (ક) રામકૃષ્ણ (ડ) નરેન્દ્રનાથ

(૪) હોમરૂલ લીગની સ્થાપના કોણે કરી ?

(અ) ગોપાળકૃષ્ણ ગોખલે (બ) શ્રીમતિ એનિબેસન્ટ
(ક) ગાંધીજી (ડ) સૂરેન્દ્રનાથ બેનરજી

(૫) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કોણે કરી હતી ?

(અ) વિનાયક દામોદર સાવરકાર (બ) ચંદ્રશેખર આઝાદ
(ક) વાસુદેવ બળવંત ફડકે (ડ) શ્યામજી કૃષ્ણવર્મા

(૬) "મિત્ર મેલા" નામની સંસ્થા કોણે સ્થાપી હતી ?

(અ) વિનાયક દામોદર સાવરકર (બ) ચંદ્રશેખર આઝાદ
(ક) રામપ્રસાદ બિસ્મિલે (ડ) વાસુદેવ બળવંત ફડકે

(૭) ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ક્યારે આવ્યા ?

(અ) ઈ.સ.1905માં (બ) ઈ.સ.1908માં
(ક) ઈ.સ.1916માં (ડ) ઈ.સ.1915માં

(૮) દાંડીકૂચ ક્યારે આરંભાઈ ?

(અ) 12 માર્ચ, 1932ના રોજ (બ) 6 એપ્રિલ, 1930ના રોજ
(ક) 12 માર્ચ, 1930 ના રોજ (ડ) 12 માર્ચ, 1931ના રોજ

(૯) ભારત આઝાદ થયો ત્યારે દેશમાં કેટલા દેશી રજવાડા હતા ?

(અ) 562 (બ) 692 (ક) 662 (ડ) 542

(૧૦) ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા પ્રશ્ને તંગદિલ પ્રવર્તે છે ?

(અ) સિયાચીનના પ્રશ્ને (બ) કાશ્મીરના પ્રશ્ને
(ક) રણના પ્રશ્ને (ડ) લડાખના પ્રશ્ને



Scanned by CamScanner

**(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો.(ગમે તે છ)** 6

(૧) મવાળવાદ એટલે શું ?

(૨) ચંદ્રશેખરનું નામ "આઝાદ" કેવી રીતે પડ્યું ?

(૩) કામચલાઉ સરકારની રચના ક્યાં કરવામાં આવી ?

(૪) સ્વામી દયાનંદ સરસ્વતીએ લોકોને શો ઉપદેશ આપ્યો ?

(૫) અસહકાર એટલે શું ?

(૬) સત્યાગ્રહના મહત્વના પાસાં કયાં - કયાં છે ?

(૭) ગાંધીજીએ દાંડીકૂચ શા માટે કરી ?

**પ્રશ્ન : ૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે ચાર)** 8

(૧) આઝાદી પહેલાં ભારતીય સમાજમાં કેવા-કેવા કુરિવાજો પ્રચલિત હતા ?

(૨) વીર ભગતસિંહના સ્વતંત્ર સેનાની તરીકેના કાર્યો જણાવો.

(૩) ખેડા સત્યાગ્રહ શા માટે કરવામાં આવ્યો ?

(૪) કેબિનેટ મિશનમાં કઈ-કઈ દરખાસ્તો હતી ?

(૫) ભારતની આઝાદી સમયે કઈ-કઈ સમસ્યાઓ હતી ?

**(બ) જોડકાં જોડો.** 6

| "અ" | "બ" |
|---|---|
| (૧) જનતાના ચાચા | (૧) મહાત્મા ગાંધી |
| (૨) ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી | (૨) એટલી |
| (૩) દાંડીકૂચ | (૩) બિહાર |
| (૪) ઈંગ્લેન્ડના મજૂરપક્ષના નેતા | (૪) ઈ.સ.1928 |
| (૫) ચંપારણ | (૫) પૂર્ણ સ્વરાજનો ઠરાવ |
| (૬) બારડોલી સત્યાગ્રહ | (૬) ડૉ.જીવરાજ મહેતા |
| | (૭) ઈન્દુલાલ યાજ્ઞિક |

**પ્રશ્ન : ૩ (અ) નીચેની ખાલી જગ્યા પૂરો.** 8

(૧) આપણા રાજ્યની વડી અદાલત .................... શહેરમાં છે.

(૨) આપણા બંધારણે ............ ને કારોબારી અને ધારાસભાથી સ્વતંત્ર રાખ્યું છે.

(૩) દેશની બધીજ અદાલતોમાં ............... અદાલતનું સ્થાન સૌથી ઉંચું છે.

(૪) ઈ.સ.1902માં વિશ્વ શાંતિ માટે .............. નામની સંસ્થાની સ્થાપના થઈ.

(૫) સંયુક્ત રાષ્ટ્રસંઘ નામની સંસ્થા હવે ...............ના નામથી ઓળખાય છે.

(૬) સામાન્ય સભા ..................માં નવા સભ્યને પ્રવેશ આપવાની સત્તા ધરાવે છે.

(૭) સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ના સચિવાલયના વડા ............ તરીકે ઓળખાય છે.

(૮) ભારતમાં ................. વર્ષે મત આપવાનો અધિકાર છે.



Scanned by CamScanner

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. (ગમે તે આઠ)** **8**

(૧) સર્વોચ્ચ અદાલત કયા-કયા વિવાદો ઉકેલવાનું કાર્ય કરે છે ?

(૨) નર્મદા બંધની ઉંચાઈ 110 મીટરથી વધે નહિ તે માટે કોણ વિરોધ નોંધાવ્યો હતો ?

(૩) આપણા બંધારણમાં ન્યાયતંત્રને કોનાથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે ?

(૪) નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કોણ કરે છે ?

(૫) ગરીબ લોકો ન્યાય મેળવી શકે એ માટે સર્વોચ્ચ અદાલતે કઈ વ્યવસ્થાનો સ્વીકાર કર્યો છે ?

(૬) રાષ્ટ્રસંઘની સ્થાપના ક્યારે અને શા માટે કરવામાં આવી ?

(૭) માનવ અધિકાર દિન ક્યારે ઉજવવામાં આવે છે ?

(૮) ભારતે વિશ્વને વિશ્વશાંતિ માટે કયા સિધ્ધાંતો આપ્યા છે ?

(૯) ભારતમાં લોકસભાની સીટો કેટલી છે ?

(૧૦) ભારતના હાલના રાષ્ટ્રપતિ કોણ છે ?

**(ક) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે બે)** **4**

(૧) સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય અંગો કયા-કયા છે ?

(૨) ન્યાયતંત્ર શા માટે સ્વતંત્ર હોવું જોઈએ ?

(૩) ભાવ વધારાથી આમ પ્રજાને શી હાડમારી વેઠવી પડે છે ?

**પ્રશ્ન-૪ (અ) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.** **10**

(૧) જળચર જીવોના નાશ માટે કયુ પ્રદૂષણ જવાબદાર છે ?

(અ) હવાનું પ્રદૂષણ (બ) જમીનનું પ્રદૂષણ (ક) જળ પ્રદૂષણ (ડ) વનીકરણ

(૨) વાહન માટેનું કયુ બળતણ પ્રદૂષણ મુક્ત છે ?

(અ) પેટ્રોલ (બ) ડીઝલ (ક) કેરોસીન (ડ) સૌર ઉર્જા

(૩) માનવ નિર્મિત સમસ્યાઓમાં કયુ પ્રદૂષણ અગ્રસ્થાને છે ?

(અ) હવાનું (બ) પાણીનું (ક)ધ્વનિનું (ડ) ભૂમિનું

(૪) કયું પ્રદૂષણ અટકાવવા માટે પી.યુ.સી.ના નિયમો કડક બનાવવા જોઈએ ?

(અ) જમીનનું (બ) જળનું (ક) ધ્વનિનું (ડ) હવાનું

(૫) ભારતમાં કયા રાજયની વસ્તી સૌથી વધુ છે ?

(અ) ઉત્તરપ્રદેશ (બ) બિહાર (ક) મહારાષ્ટ્ર (ડ) પશ્ચિમ બંગાળ

(૬) ગુજરાતમાં કયા જિલ્લાની વસ્તી ગીચતા સૌથી વધુ છે ?

(અ) અમદાવાદ (બ) સુરત (ક) ગાંધીનગર (ડ) આણંદ

(૭) ગુજરાતની કેટલા ટકા વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે ?

(અ) 52% (બ) 70% (ક) 62% (ડ) 68%

(૮) આપણા દેશની ગંભીર સમસ્યા કઈ છે ?

(અ) બાળમજૂરી (બ) ગંદાવસવાટો (ક) ગરીબી (ડ) સાદી ખેતી



Scanned by CamScanner

(૯) આપણો ભારત દેશ કયા ખંડમાં આવેલો છે ?

(અ) એશિયા (બ) યુરોપ (ક) આફ્રિકા (ડ) અમેરિકા

(૧૦) આફ્રિકામાં કયુ સરોવર મોટું છે ?

(અ) ચાડ (બ) ટાંગાન્યિકા (ક) વિક્ટોરિયા (ડ) મલાવી

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો. (ગમે તે છ)** 6

(૧) કુદરતી સ્રોતોના અમર્યાદિત ઉપયોગનું શું પરિણામ આવ્યું છે ?

(૨) નદીનું પાણી શાનાથી પ્રદૂષિત થાય છે ?

(૩) હવાના પ્રદૂષણથી કયા રોગો થાય છે ?

(૪) વસ્તી ગણતરી એટલે શું ? સ્પષ્ટ કરો.

(૫) કેવા લોકોને બેકાર ગણવામાં આવે છે ?

(૬) વસ્તી વિસ્ફોટ એટલે શું ?

(૭) ખાનગીકરણ એટલે શું ?

(૮) કયા ભૂમિખંડ પરથી ત્રણેય મુખ્ય અશાંશવૃત્તો પસાર થાય છે ?

(૯) દક્ષિણ આફ્રિકાના મુખ્ય શહેરો કયાં કયાં છે ?

**પ્રશ્ન-૫ (અ) નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે ચાર)** 8

(૧) પાણીનું પ્રદૂષણ અટકાવવા માટે ઉદ્યોગો પર કેવા પ્રકારનું નિયંત્રણ હોવું જોઈએ ?

(૨) ધ્વનિનું પ્રદૂષણ અટકાવવા માટે શું-શું કરવું જોઈએ ?

(૩) વસ્તી માળખું એટલે શું ?

(૪) ભારતના પડોશી દેશોનાં નામ જણાવો.

(૫) એશિયા ખંડમાં સૌથી વધુ વરસાદ અને સૌથી ઓછો વરસાદ ક્યાં-ક્યાં પડે છે ?

**(બ) દુનિયાના નકશામાં નીચે આપેલા સ્થળો દર્શાવો.** 6

(૧) આફ્રિકાખંડ

(૨) મકરવૃત્ત અક્ષાંશવૃત્ત

(૩) નાઈલનદી

(૪) ભારતદેશ

(૫) એટલેટિક મહાસાગર

(૬) હિમાલયની પર્વતમાળા



Scanned by CamScanner